GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

ज्ञानः अध्ययनः परम्परा

# ગાંધીનગર :એક છત, ચાર દીવાલ વચ્ચે 'જીવાતી' પરંપરા

રાજેન્દ્ર જાની

*એસોસિયેટ પ્રોફેસર*
*સમાજશાસ્ત્ર વિભાગ*
*ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ*

**સાર સંક્ષેપઃ**

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતના પાટનગર ગાંધીનગરની વસ્તીશાસ્ત્રીય આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરવામાંઆવ્યું છે. સામાન્ય રીતે કોઈપણ પાટનગરનો શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તાર આંતર માળખાકીય સુવિધાઓ સાથે કેવી સ્થિતિ ધરાવે છે એ સમજવું અને જાણવું એ સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણ સાથે સંમિલિત છે આ સંશોધન લેખમાં ગાંધીનગરનું શહેરી અને ગ્રામીણ સંદર્ભમાં મૂલ્યાંકન કરવામાંઆવ્યુ છે.

***Key words:*** *Census 2011, Secondary data, capital of Gujarat, urban-rural comparison, family, house hold*

ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગાંધીનગરમાં નોંધાયેલા પરિવારોની ટકાવારી સેન્સસમાં ઓછી છે. પણ આ ટકાવારી એટલી બધી ઓછી કહેવાય એવી નથી. જેમ કે ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં ૬૭ લાખ ૬૫,૪૦૩ પરિવારોની સંખ્યા નોંધાયેલી છે. જેની સામે ગાંધીનગરમાં ૧ લાખ ૬૦,૪૬૦ પરિવારો છે જે ટકાવારીની દષ્ટિએ ૨.૩૭ ટકા જેટલી છે.

સેન્સસમાં ઉપલબ્ધ વિવિધ આંકડાકીય માહિતીને ગ્રામીણ ક્ષેત્રના સંદર્ભમાં ચકાસીએ તો થોડી ઘણી ફેરફારની સ્થિતિ જોવા મળે છે ખરી. જેમ કે ગ્રામીણ ગુજરાતના કુલ પરિવારો પૈકી ૨.૯૭ ટકા પરિવારો એવા છે કે આ પરિવારો પાસે રહેવા માટે મકાન છે પણ મકાનમાં રહેતા સભ્યો માટે કોઈ અલગ રૂમની વ્યવસ્થા નથી. ઘરના બધાજ સદસ્યો એક છત અને ચાર દીવાલની ભૌતિક સુવિધા ધરાવે છે. પણ તેમના માટે અલાયદા રૂમની સગવડ જ નથી. જ્યારે ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારની આ અંગે વાત કરીએ તો ગાંધીનગરમાં ૨૦૪૪ આ પ્રકારના પરિવારો છે. તેમની ટકાવારી ૧.૨૭ ટકા થાય છે. એ દર્શાવે છે કે ગુજરાતના ગ્રામીણ પરિવારોની સરખામણીએ ગાંધીનગરના ગ્રામીણ પરિવારોની સ્થિતિ થોડે અંશે સારી છે. ગાંધીનગરના ૧૮૭ પરિવારોમાં પરિવાર સદસ્ય એક જ વ્યક્તિ છે કે જેમની પાસે ફક્ત મકાન છે. અલગ રૂમ નથી. પરંતુ એકલ વ્યક્તિ હોઈ અલાયદા રૂમની આવશ્યકતા તેમના માટે જરૂરી નથી પરંતુ એ સિવાયના ૧૮૫૭ પરિવારોની સભ્ય સંખ્યા એકથી વધુ હોવા છતાં અલાયદા રૂમની વ્યવસ્થા જ ઘરમાં નથી. આ પૈકી ૩૭૦ પરિવારો એવા છે જેમની સભ્ય સંખ્યા પાંચ છે, ૪૯૩ પરિવારો એવા છે જેમની સભ્ય સંખ્યા ૬ થી ૮ સભ્યોની અને ૭૬ પરિવારો એવા છે જેમની સભ્ય સંખ્યા ૯ કે તેથી વધુ સભ્યોની છે. ભારતીય સમાજમાં પરંપરાનું વધુ પ્રચલન શહેરી સમાજ કરતાં ગ્રામીણ સમાજમાં વધારે હોય છે. ત્યારે સવાલ એવો થાય કે એક જ ઘર-છત અને ચાર દીવાલો વચ્ચે રહેતી પરિણીત મહિલાઓની સ્થિતિ લાજ અને મર્યાદા સાચવવાની સામાજિક રૂઢિઓ વચ્ચે કેવી કપરી હશે ?

ગાંધીનગરના ગ્રામીણ સેન્સસ વિસ્તારના અન્ય આંકડાઓ એમ દર્શાવે છે કે કુલ વસ્તીના ૧૮ ટકા પરિવારો ત્રણ ઓરડાની સગવડ ધરાવે છે. જ્યારે સૌથી વધુ - ૪૫ ટકા પરિવારો બે રૂમ અને ૩૩ ટકા પરિવારો અલાયદા એક રૂમની સગવડ ધરાવે છે. એ રીતે જોતાં મહત્તમ ગ્રામીણ પરિવારો (૭૮ ટકા) એક કે બે રૂમની અલાયદી સુવિધા ધરાવે છે. જે દર્શાવે છે કે આ પરિવારો સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબમાં વહેંચાયા છે. ગ્રામીણ ક્ષેત્રમાં જ્યારે મોટા કુટુંબમાંથી પરિવારો વિભક્ત કુટુંબ તરીકે છૂટા થાય છે એમ સમજી શકાય છે. જો કે ગ્રામીણ ગુજરાતની દષ્ટિએ ગ્રામીણ ગાંધીનગર કરતાં ગ્રામીણ ગુજરાતમાં એક કે બે રૂમની અલગ સુવિધા ધરાવતા પરિવારોની સંખ્યા પાંચ ટકા વધુ એટલે કે ૮૩ ટકા છે.

https://www.gapbhasha.org/

ગાંધીનગરમાં ૪૧૯૦૨ પરિવારો ભાડાનાં મકાનમાં રહે છે. ગુજરાતમાં તેની સંખ્યા ૧૬,૪૯,૬૩૬ છે. એ મુજબ ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના ભાડુઆત તરીકે રહેતા પરિવારોની સંખ્યા ૨૫ ટકા છે. એટલે વસ્તીનો ચોથો ભાગ ભાડુઆત તરીકે સેન્સસમાં નોંધાયેલો છે.

ગાંધીનગરમાં ભાડાનાં મકાનમાં સૌથી વધુ ચાર સદસ્યોવાળા પરિવાર નોંધાયેલા છે. જ્યારે પરિવારના સદસ્યોની સંખ્યા ચાર હોય ત્યારે એ સ્પષ્ટ છે કે આ સદસ્યોમાં માબાપ અને તેમના અપરણિત સંતાનો સહનિવાસ કરતા હોય. આ દૃષ્ટિએ ચાર સદસ્યોનો પરિવાર મોટાભાગે એક વ્યક્તિના આર્થિક ઉપાર્જન પર નિર્ભર હોય છે, એ સ્પષ્ટ છે. એટલે ઘણેભાગે આ પરિવાર સ્થળાંતરિત હોય છે. શિક્ષણ કે અન્ય કારણોસર ધંધા-રોજગાર અર્થે તેમણે સ્થળાંતર કર્યું હોય છે. આ આંકડાઓ ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના છે. જો ગાંધીનગર શહેરની વસ્તી સંરચના (DEMOGRAPHIC PROFILE) પર ધ્યાન દઈએ તો આ વાત જલદીથી સમજાય તેવી છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો ગાંધીનગરમાં આવેલા સરકારી ક્વાટર્સમાં વસતા કર્મચારી હોય કે અધિકારી હોય, જી-૧ ટાઈપનું ઉચ્ચ કક્ષાનું મકાન હોય કે જ-ટાઈપનું મકાન હોય, ગાંધીનગરમાં તેઓ સરકારી નોકરી મળે એટલે વસવાટ માટે આવતા હોય છે. આ પરિવારો તેમના સંયુક્ત કુટુંબના વસવાટને છોડીને ગાંધીનગરમાં નોકરીના કારણે સ્થળાંતર કરે છે. એટલે સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબમાં રૂપાંતરિત થાય છે. ગાંધીનગર શહેરની જેમ ગાંધીનગર ગ્રામ્યમાં નોકરીની બાબતે આવી જ સ્થિતિ જોવા મળે છે. અલબત્ત ગ્રામીણ ગાંધીનગરમાં સરકારી નોકરીના કિસ્સાનું પ્રમાણ નહિવત છે. પરંતુ રોજગારીનો મુદ્દો અહીં પણ પરિવારમાં ચાર સદસ્યાના સંદર્ભમાં અસરકર્તા છે એ સમજવા જેવું છે. આ સાથે એ પણ એટલું જ સાચું કે ચાર સભ્યોવાળા પરિવારની સંખ્યા ભાડાના મકાનમાં સૌથી વધારે પ્રમાણમાં રહે છે, તો આ જ પરિવાર પોતાની માલિકીના મકાનમાં પણ સારા એવા પ્રમાણમાં વસવાટ કરે છે. જે દર્શાવે છે કે સંયુક્તમાંથી વિભક્ત કુટુંબમાં તબદીલ થયેલું ચાર સભ્યોનું કટુંબ પોતાની માલિકીનું મકાન અન્ય કુટુંબો કરતાં વધુ ઝડપથી મેળવે છે. હા, આ સાથે એ પણ એટલું જ સાચું કે જે પરિવારો આવી રીતે પોતાનાં મકાનની માલિકી ધરાવતા થાય તેમાં તેઓ પણ સંયુક્તમાંથી નવું મકાન લેતાં કુટુંબ વિભક્ત થયેલું હોય છે.

ગાંધીનગરમાં પરિવારના ચાર સભ્યો હોય એવા ૩૧ ટકા પરિવારો ભાડાનાં મકાનમાં રહે છે. ત્યારબાદના ક્રમે ત્રણ સભ્યોના પરિવારનો ક્રમ ૧૮ ટકા અને પાંચ સભ્યોનો પરિવાર ૧૯ ટકા સાથે છે. આ પરિવારો પૈકી બે રૂમ રસોડાનાં મકાનમાં ૩૪ ટકા પરિવારો, ૧૮ ટકા અને ૩૩ ટકા પરિવારો અનુક્રમે રહે છે. જે દર્શાવે છે કે ચાર સદસ્ય પરિવાર ભૌતિક સુખ સુવિધાવાળાં મકાનોમાં વસે છે. કારણ એ કે સારી નોકરીના કારણે સારું અર્થ ઉપાર્જન તેઓ કરી શકતા હોય છે.

**અનેક પરિવારોમાં દંપતિ માટે અંગત એકાંતની પૂર્ણ બાદબાકી**
**સેન્સસ દર્શાવે છે અપરિણીત સંતાનોની સમસ્યા**

ગુજરાતના સેન્સસ આંકડાઓ એમ દર્શાવે છે કે રાજ્યના કુલ ૧ કરોડ ૨૧ લાખથી વધુ પરિવારો પૈકી ૩ લાખ ૩૧ હજારથી ફવધુ પરિવારો એવા છે કે જેમાં વિવાહિત દંપતિ હોવા છતાં તેમની પાસે કોઈ અલગ ઓરડી જ નથી. અલબત્ત ટકાવારીની દૃષ્ટિએ એની સંખ્યા માત્ર ૩ ટકા જેટલી જ છે. પરંતુ જ્યારે પતિ અને પત્ની વચ્ચેની અંગત પળો-એકાંતની વાત આપણે વિચારીએ તો પરિસ્થિતિ સુખદ ગણી ન શકાય. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરની સ્થિતિ થોડી સારી છે. જેમ કે ગાંધીનગરના કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવાર પૈકી ૩૭૭૧ પરિવારોમાં વિવાહિત દંપતિ હોવા છતાં કોઈ અલગ ઓરડો નથી.

ગાંધીનગરના ગ્રામીણ અને શહેરી સેન્સસ મુજબ ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવાર પૈકી ૧ લાખ ૬૦ હજાર પરિવાર વસ્યા છે. જ્યારે શહેરી ગાંધીનગરમાં ૧ લાખ ૨૬ હજારથી વધુ પરિવારો વસવાટ કરે છે. પરિવારોની સંખ્યાની ટકાવારી જોઈએ તો, ગાંધીનગર ગ્રામીણ વિસ્તારમાં ૫૫ ટકા પરિવારો અને શહેરી વિસ્તારમાં ૪૫ ટકા પરિવારો વસેલા છે. ગાંધીનગરના શહેરી વિસ્તારની સરખામણીએ ૧૦ ટકા પરિવારો ગ્રામ્ય વિસ્તારમાં વધુ છે એમ કહી શકાય.

ગુજરાતના કુલ ૧.૨૧ કરોડ પરિવારો પૈકી ૧૩.૬૨ લાખ પરિવારો એવા પણ છે કે જેમના પરિવારમાં વિવાહિત દંપતિ નથી. ટકાવારીની દૃષ્ટિએ તેમની સંખ્યા ૬ ટકા જેટલી છે. આ એ પરિવાર છે કે જેમાં પરિવારના વડીલ તરીકે વિધુર છે કે વિધવા છે, પરંતુ પતિ-પત્ની બંન્ને નથી. દાંપત્યજીવન ખંડિત છે. જો કે તેમની સાથે તેમના અપરણિત સંતાનો રહે છે ખરા એટલે આ પરિવારો લગભગ એકલ પરિવારની શ્રેણીમાં આવતા નથી પરંતુ જો વિવાહિત કે પરિણીત દંપતિની વાત કરીએ તો, આ પરિવારોમાં પરિણીત સંતાનો કે જે એમના જીવનસાથી સાથે રહેતા હોય એવી સ્થિતિ નથી.

https://www.gapbhasha.org/

ગાંધીનગરનો આ દષ્ટિએ વિચાર કરીએ તો ગાંધીનગરમાં આવા ૩૧,૨૧૯ પરિવારો વસે છે. જેમાં ગ્રામીણ ગાંધીનગરમાં ૧૮,૬૮૦ પરિવારો અને શહેરી ગાંધીનગરમાં ૧૨,૫૩૯ પરિવારો થાય છે. આ આંકડાઓને આપણે વધુ વિવરણ સાથે સમજવા જેવા છે. અલબત્ત આ આંકડા સેન્સસ દ્વારા તો દરેક પરિવારમાં વૈવાહિક જીવન જીવતા સદસ્યો અને ઓરડાઓની સ્થિતિનું જ બયાન કરે છે. પરંતુ આંકડાઓની પેલે પાર જો સામાજિક દષ્ટિકોણથી વિચારવામાં આવે તો ગુજરાત અને ગાંધીનગર બંનેના પરિવારોમાં વિવાહીત સદસ્યોની વિગતો સાથે એ સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં સંતાનોના લગ્નની એક બહુ મોટી સામાજિક સમસ્યા ચર્ચાય છે તે સહેજ પણ ખોટી નથી. આંકડાઓ દ્વારા સ્પષ્ટ થાય છે કે ગાંધીનગર અને ગુજરાતના અનેક પરિવારોમાં અપરિણીત સંતાનોની એક સમસ્યા છે. અથવા તો જો સંતાનો પરિણીત હોય તો પણ દાંપત્યજીવનમાં મુશ્કેલી છે, એથી તેઓ વૈવાહિક દષ્ટિએ પરિણીત હોવાનો દરજ્જો ધરાવતા હોવા છતાં એક છત નીચે સહિયારું જીવન પતિ અને પત્ની તરીકેનું જીવન જીવતા નથી. પતિ-પત્ની કાયદેસર હોવા છતાં તેમની વચ્ચે દાંપત્યજીવનમાં ખટરાગ છે.

જો કે આ એક કાચી ધારણા જ છે, પરંતુ કાચી ધારણા ઉપલબ્ધ આંકડાઓના વિવરણમાંથી જ ઉપલબ્ધ થાય છે એ દષ્ટિએ ધારણા ભલે હોય, પરંતુ એ સત્યની ખૂબ જ નજીક છે. પતિ-પત્નીના સંબંધો, પરિવાર અને ઓરડાની સ્થિતિના આંકડામાંથી આજે બૃહદ ગુજરાતની સ્થિતિ અહીં ચર્ચી છે.

**મકાન માલિકી તો ખરી પણ સ્થિતિ 'નો રૂમ'ની !!**
**ગામડાં પણ હવે શહેરના માર્ગે**

ગાંધીનગરમાં ૧૬૩૪ પરિવારો મકાનના માલિક તો છે પરંતુ મકાનમાં કોઈ અલગ રૂમ જ નથી. આ પૈકી ૩૬૯ પરિવારો એવા છે કે જેમના કુટુંબમાં સભ્ય સંખ્યા ૬ કે ૮ સભ્યોની છે. તો ૨૯૧ પરિવારો એવા છે કે જેમની સભ્ય સંખ્યા પાંચની હોવા છતાં અલાયદા ઓરડાની સ્વતંત્રતા છે. તેવી જ રીતે ૩૬૩ પરિવારોની સભ્ય સંખ્યા ચાર સદસ્યોની હોવા છતાં મકાન માલિકીમાં કોઈ અલાયદા રૂમની વ્યવસ્થા જ ગેરહાજર છે ! અલબત્ત ગાંધીનગર ગ્રામીણ વિસ્તારની આ માહિતીને ટકાવારીની દષ્ટિએ જોઈએ તો કુલ ૧,૪૫,૦૦૦ મકાન માલિક પરિવારો પૈકી એક પણ અલાયદા ઓરડાની અગવડ ધરાવતા પરિવારોની ટકાવારી માત્ર ૧.૧૨ ટકા જ થાય છે. જ્યારે ગ્રામીણ ગુજરાતમાં આ સ્થિતિ બમણી છે. ગ્રામીણ ગુજરાતના ૬૨ લાખ પરિવારોમાંથી અલગ ઓરડાની સુવિધા ન હોય તેવા પરિવારોની સંખ્યા ૧ લાખ ૮૧ હજાર એટલે ૨.૮૮ ટકા જેટલી છે. આ દષ્ટિએ ગાંધીનગર ગ્રામ્યની સ્થિતિ થોડી સારી છે એમ કહી શકાય.

અલાયદા ઓરડાની સગવડ હોય અથવા મકાનની માલિકીમાં એકથી વધારે ઓરડા હોય એવી સ્થિતિ આપણે ચકાસીએ તો ૪૫,૯૧૪ પરિવારો પાસે એક રૂમનું મકાન છે. અને ૬૬,૨૮૬ પરિવારો પાસે બે રૂમનું માલિકીનું મકાન અને ૨૬,૨૩૨ પરિવારો પાસે ત્રણ રૂમનાં મકાનની માલિકી છે. આ પરિવારોની સભ્ય સંખ્યાના આધારે આપણે વિગતોને સમજવા જેવી છે.

ગાંધીનગર ગ્રામીણ વિસ્તારના કુલ ૧,૪૫,૦૦૦ પરિવારો મકાન માલિક તો ખરા પરંતુ ૪૫,૯૧૪ પરિવારો પાસે માલિકીનાં મકાન છતાં ઓરડો એક જ છે. તેમની ટકાવારી ૩૧ ટકા જેટલી છે જે દર્શાવે છે કે ગાંધીનગરના ગ્રામીણ પરિવારોમાં દર દસ ગ્રામીણ પરિવારે ત્રણથી વધુ પરિવાર મકાન માલિક હોવાનો સંતોષ લઈ શકે છે પરંતુ આ માલિક પાસે વધારાનો એક પણ ઓરડો નથી. આ પરિવાર માટે દીવાન ખંડ, મહેમાન ખંડ, આરામ ખંડ કે શયન ખંડ જે ગણો તે માત્ર એક જ ઓરડામાં ગણી શકાય એમ છે. તો એવી જ રીતે ૪૫ ટકા પરિવારો એવા છે કે જેમની પાસે બે રૂમની સુવિધા છે.

પરંતુ આંકડાઓને બારીકાઈથી ચકાસીએ તો સ્પષ્ટ થાય છે કે આવી સવલત ધરાવતા પૈકીનાં બાવન ટકા કુટુંબો એવા છે જેમની સભ્ય સંખ્યા પાંચથી આઠ સભ્યોની છે. આંકડા એમ દર્શાવે છે કે પાંચથી આઠ સભ્યોની સંખ્યા ધરાવતા પરિવારોને મકાન માલિકીના સંદર્ભમાં જોવામાં આવે તો આવા પરિવારો સૌથી વધુ પ્રમાણમાં છે. એની પાછળનું એક કારણ 'અમે બે, અમારા બે'નું પરિવાર કલ્યાણનું સૂત્ર ગણાવી શકાય. તેમ છતાં 'માલિક'ની સ્થિતિમાં પણ તેમની પાસે વપરાશની વ્યવસ્થા મકાનમાં અપૂરતી છે એ પણ સ્પષ્ટ થાય છે.

ગ્રામ્ય ગાંધીનગરના આંકડાઓ એમ પણ દર્શાવે છે કે કુલ ૧, ૪૫,૧૯૫ મકાન માલિકો પૈકી ૯૫ ટકા મકાન માલિકો એક પણ વધારાનો રૂમ ન હોય તેવાં મકાન કે એક જ રૂમનાં મકાન કે બે રૂમનાં મકાનની માલિકી ધરાવે છે. શહેર એટલે નાનાં મકાનો અથવા તો ફ્લેટ-ઍપાર્ટમેન્ટની દુનિયા અને ગામ એટલે મકાનની વિશાળતા એવી માન્યતા સદંતર ભૂતકાળ બની ગઈ છે એમ કહીએ તો ખોટું નથી. આંકડાઓને પેલે પાર આખી વાતને જોઈએ તો એક શેર કહી શકાય.

**ન હો કમીઝ તો પાંવ સે પેટ ઢક લેંગે,**
**યે લોગ કિતને મુનાસિબ હૈ ઈસ સફર કે લિએ !**

https://www.gapbhasha.org/